ક્રિમીનલ કેસ નંબરઃ– 46970/17 ના કામે આંક–૦૧ ચાર્જશીટ લગત હુકમ.

---

૧. કેસનું રેકર્ડ વંચાણે લીધું. સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રીને સાંભળ્યા.

૨. આરોપી વિરૂધ્ધ જી.પી.એકટની કલમ–૧૪૨ મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ફાઈલ કરવામાં આવેલ છે. જેમાં આરોપીને વારંવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરતાં, આરોપીને સમન્સ/વોરંટની બજવણી કરવામાં પોલીસ નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ કામે રેકર્ડ તપાસતાં આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે કેમ કે જામીનદારને પ્રોસેસ બજેલ અંગે કોઈ કાર્યવાહી થઈ શકેલ નથી. આ કામ સમરી પધ્ધતિથી ચલાવવનું હોય તેના ઉપર સમન્સ ટ્રાયલની જોગવાઈઓ લાગુ પડે છે. આ કેસનું સમગ્ર રેકર્ડ જોતાં, કેસ ઘણો જુનો છે તથા આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શકયતાં નથી. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.ડી.૨૯૧૭/૦૬ તા.૧૭/૧૦/૦૬ ને ધ્યાને લેતાં આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તો, તેના તાર્કિક અંત સુધી જઈ શકાય તેમ નથી. વધુમાં <u>પ્રમોદકુમાર લાલબહાદુર સ્વિ.સ્ટેટ ઓફ ગુજરાત નો **A.I.R. 2002 1856**</u> નો ચુકાદો ધ્યાને લેતાં, જે તે કોર્ટ જ નિર્ણય લઈ શકે કે કયાં કેસમાં કલમ–૨૫૮ મુજબ કાર્યવાહી કરી શકાય. આથી સદરહું કેસ આગળ ચલાવવો યોગ્ય અને ન્યાયિક જણાતો ન હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>:: હુ ક મ ::</u>

આરોપી સામેના પ્રસ્તુત કેસની ઈન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તેમ છતાં પોલીસ આરોપીની શોધખોળ કરી મળી આવે તો ક્રિ.પ્રો.કોડની કલમ ૩૦૦(૫) અન્વયે ફરી ચાર્જશીટ કરી શકશે.

મુદ્દામાલઃ–નથી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તારીખઃ–૮/૧૨/૨૦૧૮

(બી.બી.પટેલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
કોડ નં:GJ00292